

(તસવીર : સતીષ જાદવ)

### ફૂલોની મેટ્રો ને ફૂલોના બિલ્ડિંગ, ફૂલોના હાર્ટથી માહોલ જામ્યો: ફ્લાવર શોમાં સુરતીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા

# દેશી-વિદેશી દોઢ લાખ ફૂલોથી સુરત મહેક્યું

**જલશક્તિ**, પીએમ સૂર્યઘર, મેટ્રોની કૃતિઓ તેમજ હાર્ટ રિંગ-સેલ્ફી પોઇન્ટે આકર્ષણ જગાવ્યું

**સુરતવાસીઓ** જેની આતુરતાથી રાહ જોતા હતા તે પુસ્તક મેળાનો પણ પ્રારંભ, 3 લાખથી વધુ પુસ્તકોનો ખજાનો

સુરત : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પુસ્તક મેળાનો રવિવારે યુનિવર્સિટીના ગ્રાઉન્ડ પર પ્રારંભ થયો હતો. જો કે તેમાં દેશ-વિદેશના રંગ-બેરંગી ફુલોથી સર્જાયેલી કૃતિઓ સાથેના ફ્લાવર શોએ ભારે આકર્ષણ જગાવ્યું હતું. 800 ચોરસ મીટર વિસ્તારમાં ફ્લાવર શોનું નિર્માણ કરાયું છે. રંગબેરંગી ફુલોથી બનેલી હાર્ટરીંગ, પ્રવેશદ્વાર, સ્ટાર, બતક વગેરે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા.

### સુરત સાહિત્ય, સંસ્કૃતિનું પણ કેન્દ્ર બની રહ્યું છે: CM

મુખ્યમંત્રીએ પુસ્તક મેળાના ઉદ્દઘાટન કરતાં જણાવ્યું હતું કે, સુરત હવે માત્ર ડાયમંડ અને ટેક્સટાઇલ જ નહીં, પણ સાહિત્ય અને સંસ્કૃતિનું પણ મોટું કેન્દ્ર બની રહ્યું છે. મુખ્યમંત્રીએ સ્ટોલ્સ પર જઇને પ્રકાશકો સાથે વાતચીત કરી હતી. તેમણે નવી પેઢીને મોબાઇલ છોડી પુસ્તકો તરફ વળવા માટે આ એક ઉત્તમ પ્લેટફોર્મ ગણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પુસ્તકમેળામાં તમામ સ્ટોલ મળીને આશરે સાડા ત્રણ લાખથી વધુ પુસ્તકોનો ખજાનો ઠલવાયો છે. જેમાં વિવિધ ભાષા, વિષયોનાં સાહિત્યમાં મોટીવેશનલ બુકના લેખકો જેવા કે, રોબીન શર્મા, રોન્ડા બર્ન, મોર્ગન હોશલ, માર્ક મેન્શન, શીવ ખેરા, નેપોલીયન હીલ વગેરે.. લીટરેચર બુકમાં નીમીત ઓઝા, કાજલ ઓઝા, અમીષ ત્રીપાઠી, વિનીત બાજપલ કેવીન, મીશલ, અક્ષત ગુપ્તા, ચેતન ભગત, જય વસાવડા વગેરેના પુસ્તકો છે.

### રૂ. 50થી 250 સુધીની કિંમતના ફુલોથી 8 કૃતિનું સર્જન

સુરત મનપા દ્વારા અંદાજે 800 ચોરસ મીટરમાં સજાવાયેલા ફ્લાવર શોમાં ગુજરાત તેમજ મહારાષ્ટ્રની 40થી વધુ નર્સરીઓમાંથી મંગાવાયેવા 50થી વધુ જાતીના દેશ-વિદેશના ફુલોથી 8 પ્રતિકૃતિઓ બનાવાઇ છે. ફ્લાવર શોમાં જે ફુલો વપરાયા તેની કીંમત પ્રતિફુલ 20, 50, 100 થી લઇને 250 રૂપિયા સુધીની છે. લગભગ દોઢ લાખથી વધુ ફુલોનો ઉપયોગ કરાયો છે. શોમાં એવા ફુલોની કૃતિઓ બનાવાઇ છે.

### કયા દેશના અને કયા કયા ફુલોથી કૃતિઓ સર્જાઇ

મનપાના સુત્રોના જણાવ્યા મુજબ આ ફ્લાવર શોમાં મેકિસકો, યુરોપ, સેન્ટ્રલ અમેરીકા અને સાઉથ અમેરીકામાં જોવા મળતા ફુલોની વિવિધ જાતિઓ જેવી કે, પિતુનિયા, ડીએન્થસ, પોઇન્સેટિયા, ટોરેનિયા, ગઝેનિયા, એસ્ટર, ગેલેરડીયા, જીરેનિયમ, કેલેન્ચો, ઝીનીયા, સાલ્વિયા, ગાર્ડનિયા, ડ્રેસિના, ક્રોટોન, થાઇ ટેકમાં, એડિનિયમ, વિગેરે જેવા સિઝનલ ફ્લાવરીંગ પ્લાન્ટ્સ, તેમજ ભારતમાં જોવા મળતા ગલગોટા, સેવંતી, હાઇબ્રિડ જાસૂદ, ગુલાબ, સોંગ ઓફ ઈન્ડિયા જેવા વિવિધ એનુઅલ પ્લાન્ટ મારફતે આ કૃતિઓનું સર્જન થયુ છે.

### 36 ફૂડ સ્ટોલ પર વિવિધ રાજ્યના વ્યંજનોનો રસથાળ

મનપાના પુસ્તક મેળામાં આ વખતે સ્વાદના શોખીન સુરતીઓ માટે 36 સ્ટોલ્સ સાથેનો વિશાળ ફૂડ ઝોન તૈયાર કરાયો છે. મુખ્યમંત્રીએ ફૂડ ઝોનની મુલાકાત લઈને આયોજનની સમીક્ષા કરી હતી. પુસ્તકો અને ફૂલોની દુનિયામાં ફર્યા બાદ મુલાકાતીઓ અહીં વિવિધ વાનગીઓની મજા માણી શકશે. આ ફૂડ સ્ટોલો પર સુરત અને ગુજરાતની પ્રખ્યાત વાનગીઓ ઉપરાંત દેશના વિવિધ રાજ્યોના વ્યંજનોનો રસાથાળ માણવા મળશે.

### મુખ્યમંત્રીએ રીબીન કાપવા માટે સી.આર.ને બોલાવ્યા

છેલ્લા થોડા દિવસોથી ગુજરાત ભાજપમાં બદલાયેલા સમીકરણોની ચર્ચા વચ્ચે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની કેમેસ્ટ્રીએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રીબીન કાપી મેળાનો પ્રારંભ કરાવતી વખતે સામે ઉભેલા સી.આર. પાટીલને બોલાવીને તેના હાથમાં કેચી પકડાવી દીધી હતી. બન્નેએ સાથે મળી રીબીન કાપી હતી.

### 'મન કી બાત' સાંભળતી વખતે કુમાર કાનાણી ઝોલે ચઢ્યા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને જીવંત નિહાળ્યો હતો. જો કે હંમેશા જનતા માટે જાગતા રહેતા હોવાની છાપ ધરાવતા અને મુખ્યમંત્રીથી ત્રીજી જ સીટ પર બેઠેલા વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી કાર્યક્રમ ઊંઘતા નજરે પડ્યાં હતાં. કાનાણીને ઝોલા ખાતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો.

## ચેક રિટર્ન કેસમાં નાણાં ઓનલાઇન જમા કરાવી શકાશે

સુરતઃ ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ શ્રીમતી સુનિતા અગ્રવાલ માર્ગદર્શન હેઠળ એક નવતર પ્રયાસના રૂપે હાઈકોર્ટ ઓફ ગુજરાતના જસ્ટીસ એ.એસ. સુપેહીયાના હસ્તે તા.૨૧.૦૨.૨૦૨૬ ના રોજ એસ.બી.આઈ. પોર્ટલ ઉપર S.B.I. Collect ના માધ્યમથી ઓનલાઈન નાણાં જમા કરાવવા માટેની ફેસેલીટીનું શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે હાઈકોર્ટ ઓફ ગુજરાતના જસ્ટીસ આઈ.જે. વોરા, જસ્ટીસ પી.એમ. રાવલ અને સુરત જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ એ. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ ફેસેલીટીનો લાભ લેતા પ્રથમ કેસમાં રૂ.૫૦૦૦૦ જમા કરાવીને કેસનું સમાધાન થયું હતું.

## ચેક રિટર્નના કેસમાં શીપવાલા દંપતિને એક વર્ષની સજા

સુરતઃ મુગલીસરામાં રહેતાં ફરીયાદી મોહંમદઅલી કરીમઅલી સૈયદ પાસેથી આરોપી પતિ-પત્નિ મોહમદ ઉવૈશા મોહંમદ ઝુબેર શીપવાલા તથા સફીયા બેગમ મોહમદ ઉવૈશા શીપવાલાએ મકાન ખરીદવા માટે મિત્રતાના સંબંધમા રોકડા રૂા. ૧૬,૦૦,૦૦૦ ઉધાર લીધા હતા. જે પરત આપવા માટે આપેલા આઠ આઠ લાખના બે ચેક રિટર્ન થતા કોર્ટમાં ફરિયાદ થતાં કોર્ટે આરોપી દંપતિને એક વર્ષની સજા અને ૨૬ લાખ ચુકવવા હુકમ કર્યો હતો.

## દેશી પિસ્તોલ સાથે યુવાન ઝડપાયો

સુરતઃ સારોલી પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.આર. વેકરીયાને મળેલી બાતમીના આધારે અંકિત માર્કન્ડેય ઉપાધ્યાય (ઉ.વ. 25, રહે. ભેસ્તાન આવાસ પાસે, સુરત) ને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી તમંચો મળી આવ્યો હતો. આ ઉપરાંત પિસ્તોલ સપ્લાય કરનાર સૌરભ યાદવંશી રહે. મુંગેર (બિહાર)નું નામ પણ બહાર આવ્યું છે. પોલીસે પિસ્તોલ અને રૂપિયા 10હજારનો મોબાઇલ ફોન જપ્ત કરી કુલ રૂપિયા 20 હજારની મતા કબજે લીધી હતી.

## ગોવર્ધન હવેલી ડુમસ ખાતે માનવ મહેરામણ ઉમટ્યો

**નિત્યલીલાસ્થ** પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીનાં વરદ હસ્તે થઈ

સુરતઃ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, ડુમસ રોડ ખાતે આજે છપ્પન ભોગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ છપ્પન ભોગના દર્શનનો વિશાળ સંખ્યામા સુરત અને બહારગામથી આવેલા ભકતોએ લાભ લીધો હતો.

આ આયોજનને સફળ બનાવવામાં ગોવર્ધનનાથજી હવેલીના ટ્રસ્ટના તમામ સભ્યોએ હેમંતભાઈની સાથે ખંભેખભા મિલાવીને સુંદર સફળ બનાવ્યુ હતુ. ભકતોએ પણ શિસ્તબદ્ધ રીતે છપ્પન ભોગના દર્શન કરી સંતોષ મેળવ્યો હતો. આ પુષ્ટિ માર્ગીય હવેલીની પ્રાણ-પ્રતિષ્ઠા ફાગણ વદ ૧૦ વિ.સં. ૨૦૫૧ તા. ૨૬ માર્ચ ૧૯૯૫ના દિને નિત્યલીલાસ્થ પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીનાં વરદ હસ્તે થઈ હતી. આવતા મહિને આ પ્રાણપ્રતિષ્ઠાને ૩૧ વર્ષ પૂરા થશે. આ હવેલીમાં છપ્પન ભોગ એટલે ઠાકોરજીને અર્પણ થતો ૫૬ પ્રકારનાં વ્યંજનોનો ભોજન પ્રસાદ ભગવાન શ્રી કૃષ્ણએ ગોવર્ધન પુજાનાં દિવસે જે ભોગ સ્વીકાર્યો હતો તેની યાદમાં આજે પણ છપ્પન ભોગની પરંપરા મનાવવામાં આવે છે.

વૈષ્ણવ સંપ્રદાયમાં છપ્પન ભોગનું અનેરું મહત્વ છે. જયારે ઈંદ્રદેવનો ક્રોધ શમાવવા શ્રી કૃષ્ણએ ગોવર્ધન પર્વત ૭ દિવસ સુધી ધારણ કર્યો હતો, ત્યારે તેમણે કોઈ ભોજન લીધું ન હતું. ત્યારબાદ ગોપીઓએ ૭ દિવસનાં ૮ પ્રહરનાં કુલ ૫૬ ભોગ અર્પણ કર્યા હતા. શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, ડુમસ ખાતે યોજાયેલા છપ્પન ભોગના દર્શન માટે ઉમટેલા હજારો ભક્તોએ ગોવર્ધનનાથજીની જય જયકાર બોલાવી હતી. ઉપરાંત 56 પ્રકારના વ્યંજનોનો ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## 'તારા માતા-પિતા લગ્ન નહીં થવા દે, આપણે ફિનાઈલ પી જઈએ'

**કિશોરીનો** પીછો કરી મિત્રતા માટે દબાણ કરનાર શખ્સ સામે ગુનો દાખલ

**પ્રેમીએ** ઉશ્કેરતા કિશોરીએ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો

સુરત : ભટાર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય કિશોરીને સતત દબાણ કરી પ્રેમજાળમાં ફસાવી હતી. આ વાતની જાણ થતા કિશોરીના માતા પિતા પ્રેમીને સમજાવવા ગયા તો તેણે તમારી દીકરીને તો હું ભગાવી જવાનું છું કહી ધમકાવતા તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. જે બાદ પ્રેમી કિશોરીને તારા માતા પિતા આપણા લગ્ન નહીં થવા દે ચાલ આપડે બંને ફિનાઈલ પી જઈ કહી ઉશ્કેરતા કિશોરી ઘરે એકલી હતી ત્યાર ફિનાઈલ પી આત્મહત્યાની કોશિશ કરતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

મળતી વિગતો મુજબ, ખટોદરા વિસ્તારની સોસાયટીમાં રહેતી કિશોરીની માતા હેમાલી બેન (નામ બદલ્યું છે) એ પ્રવિણ નાયબરાવ માહસ્કે (ઉ.વ. ૨૧, રહે. ઈન્દીરાનગર, ભટાર) વિરુદ્ધ ખટોદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પ્રવિણ અવારનવાર હેમાલી બેનની સોસાયટીમાં તેના મિત્રોને મળવા આવતો હતો, જ્યાં તેણે તેમની ૧૬ વર્ષીય દીકરીનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. કિશોરીએ મિત્રતા કરવાની ના પાડી હોવા છતાં, પ્રવિણે સતત દબાણ ચાલુ રાખ્યું હતું, જેના કારણે અંતે બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી.

જ્યારે કિશોરીના માતા-પિતાને આ સંબંધની જાણ થઈ, ત્યારે તેઓએ પ્રવિણને દીકરી હજુ સગીર હોવાનું જણાવી દૂર રહેવા સમજાવ્યો હતો. જોકે, ગત ૧૭ ફેબ્રુઆરીના રોજ ફરી વાતચીત શરૂ થતા માતા-પિતા પ્રવિણના ઘરે સમજાવવા ગયા હતા. તે સમયે ઉશ્કેરાયેલા પ્રવિણે ધમકી આપી હતી કે, હું તારી દીકરીને લઈને ભાગી જઈશ અને તેની સાથે જ લગ્ન કરીશ, જો તમે વચ્ચે આવશો તો તમને બંનેને ઊભા ફાડી નાખીશ તેમ કહેતા તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. જે બાદ ગત ૧૯ ફેબ્રુઆરીના રોજ પ્રવિણે ફરી કિશોરીનો સંપર્ક કરી જણાવ્યું હતું કે તેના માતા-પિતાએ ઝઘડો કર્યો છે અને તેઓ લગ્ન કરવા દેશે નહીં, માટે આપણે બંને મરી જઈએ. આ વાતથી ગભરાઈ ગયેલી અને આવેશમાં આવેલી કિશોરીએ બપોરના સમયે પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. તેને તાત્કાલિક ૧૦૮ મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર બાદ તેનો બચાવ થયો છે.ખટોદરા પોલીસે આ મામલે પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## સુરતમાં તાપમાનમાં ઘટાડો, છતાં આકરો તાપ યથાવત્

**મહત્તમ** 35.4 અને લઘુત્તમ 19.2 ડિગ્રી નોંધાયું

**આગામી** દિવસોમાં ફરી ગરમી વધવાની આગાહી



સુરતઃ સુરત શહેરમાં હવામાનમાં આંશિક ફેરફાર નોંધાયો છે. આજે શહેરનું મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઘટીને 35.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ આશરે દોઢ ડિગ્રીનો ઘટાડો થઈ 19.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તાપમાનમાં ઘટાડા પાછળ પવનોની દિશામાં થયેલો ફેરફાર મુખ્ય કારણ માનવામાં આવી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરમાં ઉત્તર દિશાથી આશરે 4 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાં 42 ટકા ભેજ નોંધાતા સુકું વાતાવરણ અનુભવાયું હતું. ઉત્તરના પવનના પ્રવાહને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હોવા છતાં બપોરના સમયે તાપની તીવ્રતા યથાવત્ રહી હતી, નાગરિકોએ આકરા તાપનો અનુભવ કર્યો હતો. સવારે અને મોડી સાંજે હળવો ઠંડકભર્યો માહોલ રહ્યો હતો, પરંતુ બપોર બાદ રસ્તાઓ પર નીકળતા લોકો ગરમીથી અકળાઈ ગયા હતા. ખાસ કરીને ખુલ્લા વિસ્તારોમાં અને ટ્રાફિક વિસ્તારમાં તડકાની અસર વધુ જણાઈ હતી. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પવનોની દિશામાં ફરી ફેરફાર થઈ શકે છે અને તેની અસરરૂપે તાપમાનમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉનાળાની ઋતુની શરૂઆત સાથે જ તાપમાન ધીમે ધીમે ચઢાણ લે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

## પીપલોદમાં ઈવેન્ટ સંચાલકો વચ્ચે ભાગીદારીના નાણાં મુદ્દે ધીંગાણું

**યુવતીને** માર મારી જાનથી મારી નાખવાની ધમકી

સુરતઃ પીપલોદના વૈષ્ણોદેવી એપાર્ટમેન્ટમાં ઈવેન્ટ મેનેજમેન્ટના વ્યવસાય સાથે જોડાયેલા સંચાલકો વચ્ચે જૂની ભાગીદારીના નાણાંની લેતીદેતીમાં ઝઘડો થયો હોવાની ઘટના સામે આવી છે. ઈવેન્ટના કપડાં ફેંકી દેવા બાબતે થયેલી તકરારમાં બે મહિલા સહિત ત્રણ શખ્સે એક યુવતીને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો ઉમરા પોલીસ સુધી પહોંચ્યો છે.

મૂળ ઉત્તર પ્રદેશની અને હાલ પીપલોદના વૈષ્ણોદેવી એપાર્ટમેન્ટમાં રહેતી ૨૦ વર્ષીય સતાક્ષી કુંવર વિજય સીંઘ ઈવેન્ટમાં વેઈટર તરીકે કામ કરે છે. તેણે ઉમરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, તેના માલિક નરેન્દ્રકુમાર ઉર્ફે સોનુ પ્રજાપતિ સાથે અગાઉ ગાયત્રીબેન રાજકુમાર ગોડા ભાગીદારીમાં હતા. ભાગીદારીના નાણાં મુદ્દે અગાઉ ઝઘડો થતાં ગાયત્રીબેન છૂટા થઈ ગયા હતા. ગત ૧૮મી ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે જ્યારે માલિક નરેન્દ્ર ઉર્ફે સોનુ પ્રજાપતિ એપાર્ટમેન્ટની નીચે હતા, ત્યારે ગાયત્રીબેન તેમની બહેનપણી મધુબેન પાંડે અને એક અજાણ્યા પુરુષ સાથે સતાક્ષીના રૂમમાં ધસી આવ્યા હતા. તેઓએ રૂમમાં રાખેલા ઈવેન્ટના કપડાં ઉંચકીને બહાર ફેંકવાનું શરૂ કર્યું હતું. ત્યાં હાજર લક્ષ્મીબેન નામની યુવતીએ કપડાં ફેંકવાની ના પાડતા ગાયત્રીબેન અને મધુબેને ઉશ્કેરાઈ જઈ તેને ગાળો આપી ઢોર માર માર્યો હતો.

આરોપીઓએ ધમકી આપી હતી કે, 'જો નરેન્દ્ર ઉર્ફે સોનુ ભાગીદારીના રૂપિયા નહીં ચૂકવે તો તમે અહીં નોકરી કેવી રીતે કરો છો તે જોવું છું, જો નોકરી નહીં છોડો તો તમને જીવતા નહીં છોડીએ.' એટલું જ નહીં, એપાર્ટમેન્ટની નીચે ઉતરી મધુબેને લાકડાનો ડંડો ઉગામી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો અને સોનુ પ્રજાપતિ સાથે પણ ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત લક્ષ્મીબેન અને ગાયત્રીબેનને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. લક્ષ્મીબેનની સારવાર થયા બાદ તેના પિતાની તબિયત લથડતા તેને વતન જવું પડ્યું હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. હાલ ઉમરા પોલીસે ગાયત્રીબેન ગોડા, મધુબેન પાંડે અને એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## હજીરામાં ગરમ પાણીના તપેલાથી દાઝી જતાં 4 વર્ષની બાળકીનું મોત

સુરતઃ સુરતના હજીરા વિસ્તારમાં ખુશીના પ્રસંગે દુઃખદ વળાંક લીધો હોવાની ઘટના બની હતી. છઠ્ઠીની ઉજવણી દરમિયાન ચાર વર્ષની બાળકી ગરમ પાણીના તપેલાથી દાઝી જતાં સારવાર દરમિયાન મોતને ભેટી હતી. આનંદનો માહોલ ક્ષણોમાં શોકમાં ફેરવાઈ ગયો હતો. મૂળ અંકલેશ્વરના વતની દિનેશભાઈ પરમાર હાલ હજીરા ખાતે ઈન્દિરા આવાસના હળપતિ ફળિયામાં રહે છે અને મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પિતરાઈ ભાઈના ઘરે બાળક જન્મતા છઠ્ઠી નિમિત્તે જમણવારનું આયોજન કરાયું હતું. ઘરમાં પાણી ગરમ કરવા માટે મૂકેલા તપેલાની નજીક રમતી તેમની ચાર વર્ષની દીકરી નિધિ અકસ્માતે ગરમ પાણીથી દાઝી ગઈ હતી. તેને પ્રથમ સિવિલ અને બાદમાં સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

## વરાછામાં વિદ્યાર્થીઓને નિશાન બનાવી ખંડણી વસૂલતી ટોળકી ઝડપાઈ

**બે વિદ્યાર્થીને** મારી નાખવાની ધમકી આપી દોઢ વર્ષમાં રૂ.1.50 લાખ પડાવ્યા, પોલીસે સરઘસ કાઢયું

**ખંડણી** વસૂલવા અન્ય છોકરાઓના નામ આપવા દબાણ કરતાં હતા

સુરતઃ વરાછામાં રહેતા અને ધોરણ 9 માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીને ત્રણ ટપોરીએ હથિયારો બતાવી, ડરાવી-ધમકાવી છેલ્લા દોઢ વર્ષમાં અંદાજે રૂ. 1.50 લાખની રકમ પડાવવાનો કિસ્સો સામે આવ્યો છે. પરિવારની ફરિયાદના આધારે વરાછા પોલીસે કાર્યવાહી કરી ત્રણે ટપોરીને પકડી વિદ્યાર્થીઓની સોસાયટી પાસે લઈ જઈ સરઘસ કાઢ્યું હતું.

### પાનનાં ગલ્લા પર રૂ.4000 ટ્રાન્સફર કર્યા ને હકીકત સામે આવી

ટપોરીઓ એટલા હદ બહાર ગયા હતા કે તેઓએ સગીરોને અન્ય છોકરાઓના નામ આપવા પણ દબાણ કર્યું હતું, જેથી તેઓની પાસેથી પણ ખંડણી વસૂલી શકાય અને જો પોલીસને જાણ કરશે તો જેલમાંથી છૂટીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી. જ્યારે ગત તા. 17 ફેબ્રુઆરીના રોજ વ્રજે તેના ફુઆ હર્ષદભાઈનો મોબાઈલ લઈને સીતાનગર પાસે શ્રીજી પાન પેલેસ પર ગુગલ પે દ્વારા રૂ. 4040 ટ્રાન્સફર કર્યા હતા. આ ટ્રાન્ઝેક્શનનો મેસેજ આવતા પરિવાર શંકા જતા પૂછપરછ કરી હતી, જેમાં બંને કિશોર રડી પડ્યા હતા અને આખી આપવીતી જણાવી હતી.

### આ ટોળકી અભ્યાસ કરતાં કિશોરોને ટાર્ગેટ કરતી હતી

(૧) રોશન હરેશભાઇ ધોળકીયા (ઉં.વ.૨૦, રહે., શિવાય હોમ આઇ.ટી. પાર્ક પાસે, મોટા વરાછા, સુરત, મુળ રહે., અઘેળાઇ, જિ.ભાવનગર)
(૨) ભાવીક બાબુભાઇ લાડુમોર ઉવ.૧૮ વર્ષ ૧૦ મહીના રહે.રણુજાધામ સોસાયટી સીતાનગર ચોકડી પાસે વરાછા સુરત મુળ રહે-ગામ ભાદ્રોડ તા.મહુવા, જિ.ભાવનગર)
(૩) મીત અશ્વીનભાઇ ખુંટ (ઉં.વ.૨૦, રહે., લક્ષ્મી પેલેસ, છીતુનગર સોસાયટી, સીતાનગર ચોકડી પાસે, વરાછા, સુરત, મુળ રહે., સાતપડા, તા.ગારીયાધાર, જિ.ભાંવનગરઃ

## બ્રહ્મ સમાજના સ્થાપક અને કુસ્તીને મોટી કરનાર જયંત શુક્લનું નિધન



સુરતઃ ટી એન ટી વી હાઇસ્કુલ નાનપુરાના ભૂતપૂર્વ પી.ટી શિક્ષક અને સુરતના અનેક રમતવીરોને રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચાડનાર તથા વિવિધ રમત ગમતના એસોસિયેશનનુ કુશળ સંચાલન કરનાર ઉપરાંત દક્ષિણ ગુજરાત બ્રહ્મ સમાજના સ્થાપક જયંત શુક્લ નું ૯૩ વર્ષની વયે રવિવાર તા. 22ના રોજ અવસાન થયું છે. સદ્દગતની સ્મશાન યાત્રા તેમના નિવાસસ્થાનેથી ટી એન ટી વી હાઈસ્કૂલ નાનપુરા ખાતે બપોરે 12:30 કલાકે લાવવામાં આવી હતી જ્યાંથી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જહાંગીરપુરા ખાતે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. મૂળ રાંદેરના જયંતભાઈનો બ્રહ્મ સમાજ અને રમતના મેદાન પ્રત્યેનો પ્રેમ મૂળ સુરતીઓમાં ખૂબ જાણીતો હતો, ટાંચા સાધનો વચ્ચે તેઓ શાળામા કુસ્તી સ્પર્ધા યોજતા હતા.

## બે દિવસમાં ચેમ્બરના સીટેક્ષમાં 17,000થી વધુ મુલાકાતી આવ્યા

**પોઝિશન** એમ્બ્રોઇડરી મશીનરી નિહાળવા મોટી સંખ્યામાં બાયર્સ આવ્યા : નિખિલ મદ્રાસી

સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સ આયોજિત 'સીટેક્ષ - સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્ષ્પો ૨૦૨૬'ને બાયર્સ અને વિઝિટર્સ તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એકિઝબિશનમાં એકિઝબિટર્સ દ્વારા વર્લ્ડ કલાસ ટેક્સટાઈલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. વિશ્વમાં પ્રથમ વખત ચાર પનાવાળું હાઈસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન સીટેક્ષ એક્ષ્પોમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. સાથે જ હાઈસ્પીડ એરજેટ મશીન, નવી પોઝિશન પ્રિન્ટર મશીનરી અને પોઝિશન એમ્બ્રોઈડરી મશીનરી પ્રદર્શનમાં મૂકવામાં આવી છે. આ એક્ષ્પોમાં સર્ક્યુલર નિટિંગ મશીનની અદ્યતન શ્રેણી પણ પ્રદર્શિત કરવામાં આવી રહી છે.

શનિવારે પ્રથમ દિવસે ૫૫૬૦ બાયર્સ અને વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લીધી હતી. જ્યારે આજે બીજા દિવસે રવિવારે ૧૧૮૫૦ બાયર્સ અને વિઝીટર્સ આ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. આમ બે દિવસ દરમ્યાન કુલ ૧૭,૪૧૦ વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લીધી છે. અમદાવાદ, મુંબઈ, સુરેન્દ્રનગર, સિદ્ધપુર, કોલ્હાપુર, કોલકાતા, ભિલવાડા, ઈન્દોર, ઈચ્છલકરંજી, ભાવનગર, વારાણસી, નાશિક, માલેગાવ, ડુંગરપુર, હૈદરાબાદ, અમરેલી, અબ્રામા, ઈરોડ, નવી દિલ્હી, પૂણે, ઔરંગાબાદ, કોઈમ્બતુર, તિરૂપુર, પાટણ, સોલાપુર, ઈટવા, ચેન્નાઈ, ભુજ, બિકાનેર, જોધપુર, ગાઝિયાબાદ, બકસર, અંબાલા, વીરપુર, પ્રતાપગઢ, બદરીનાથપુરી, બેંગ્લોર અને સિલચુરના વિઝીટર્સે એકઝીબીશનની મુલાકાત લીધી હતી.

## ક્રિપ્ટોમાં રોકાણના નામે 2 કરોડની લૂંટનો આરોપી ઝડપાયો

**આણંદથી** ઝડપાયેલો સમીર વોરા ચાર વર્ષથી ફરાર હતો

( પ્રતિનિધિ )વડોદરા,તા.22 : સુરત ખાતે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાના બહાને પૂર્વ આયોજિત કાવતરું રચી રૂપિયા બે કરોડની થયેલી લૂંટના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા ચાર વર્ષથી ફરાર આરોપી સમીર વોરાને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે આણંદ ખાતેથી ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે સુરત પોલીસને સોંપવામાં આવ્યો હતો.




સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના મુજબ ફરિયાદીને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું હોય આરોપીઓએ કમિશન પેટે ઘણો ફાયદો થશે તેવી બાંહેધરી આપી હતી. અગાઉથી નક્કી કર્યા મુજબ આ અંગેનો પ્લાન સુરતમાં કરી ફરિયાદીએ તેમના સગા સંબંધીઓ પાસેથી મેળવેલી રૂપિયા બે કરોડ કરન્સીનું રોકાણ કરવા માટે 4 ફેબ્રુઆરી 2022 ના રોજ સેન્ટ્રલ બજાર ખાતે આવેલ શ્રી સિદ્ધિ એન્ટરપ્રાઈઝ નામની આંગણીયા પેઢીમાં આ રૂપિયા બે કરોડની રકમ ગણીને આપી હતી, તેમ છતાં આરોપીઓએ પ્લાન મુજબ ફરિયાદીના એજન્ટ લક્ષ્મીનારાયણના ખાતામાં આ રકમ ટ્રાન્સફર નહીં કરી અને આરોપી પિન્ટુ કુમાર ઝા, અમિત તથા સુમનસિંગે અગાઉથી રચેલ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે આરોપીઓ સાથેના બીજા અજાણ્યા ઈસમોએ મારામારી કરીને બે કરોડ રૂપિયાની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. આ ગુનાની તપાસ સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી હોય તપાસમાં સમીર યુનુસ વોરાની સંડોવણી જણાય આવી હતી. જોકે સુરત ક્રાઈમ બ્રાન્ચને તેનો અતો પતો લાગ્યો ન હતો.

દરમિયાન વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ માહિતીને આધારે લૂંટના ગુનામાં ચાર વર્ષથી ફરાર આરોપી સમીર વોરાને આણંદના 100 ફૂટ રોડ દિયા સિનેમા કોમ્પલેક્ષ ખાતેથી ઝડપી પાડી સુરત ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો.

## મોડલના બિભત્સ ફોટા વાયરલ કરી એસિડ એટેકની ધમકી

**અલથાણમાં** મિતેશ જૈન સામે વધુ એક ગુનો નોંધાયો

અગાઉ બળાત્કારની ફરિયાદ કરનાર પીડિતાને બદનામ કરવા ફોટા પોસ્ટ કર્યા હતા

સુરતઃ અલથાણમાં રહેતી ૨૮ વર્ષીય મોડલને સોશિયલ મીડિયા પર બદનામ કરી, તેના બિભત્સ ફોટા વાયરલ કરવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ રીઢા આરોપી મિતેશ જૈન વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર 'MJ Lovers' નામની ચેનલ બનાવી મોડલના બીકીની પહેરેલા ફોટા વાયરલ કર્યા હોવાની વિગતો બહાર આવી છે.

ફરિયાદની વિગત મુજબ, અલથાણમાં રહેતી 28 વર્ષીય યુવતી ટેક્સટાઈલ માર્કેટમાં મોડેલ તરીકે કામ કરે છે. મોડેલ અને મિતેશ સંપત જૈન (રહે., શ્રી સાઈ દર્શન સોસાયટી, ઘોડદોડ રોડ) વર્ષ ૨૦૧૮માં સંપર્કમાં આવ્યા હતા. જોકે, મિતેષ દ્વારા હેરાનગતિ કરવામાં આવતા અગાઉ તેની સામે બળાત્કારની ફરિયાદ પણ નોંધાઈ હતી. ત્યારબાદ સમાધાન થતાં સંબંધો પૂરા કરી દેવાયા હોવા છતાં, એક તરફી પ્રેમમાં પાગલ મિતેષએ મોડેલનો પીછો છોડ્યો ન હતો. ગત તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ મિતેષે તેના ઈન્સ્ટાગ્રામ આઈડી 'itsmitsrock' પર એક ચેનલ બનાવી મોડેલના અંગત ફોટા મૂકી તેને બદનામ કરી હતી. એટલું જ નહીં, આરોપીએ અગાઉ યુવતીની ઘરે પાર્ક કરેલી ગાડી સળગાવી તેને એસિડ એટેક કરવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. વારંવારની હેરાનગતિથી કંટાળીને અંતે યુવતીએ અલથાણ પોલીસમથકનો દરવાજો ખખડાવ્યો છે. અલથાણ પોલીસે મિતેષ વિરુદ્ધ વધુ એક ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.